# હારે કા સહારા ‘વિભૂ’ હમારા : આસિફ શેખ

**ફિલ્મ અને ટેલિવિઝન ઇન્ડસ્ટ્રીમાં રોજ કેટલાંય લોકો આવે છે અને જાય છે, તેમાંથી ઘણાં જ ઓછા લોકો લાંબા સમય સુધી ટકી જાય છે. આવાં જ એક લોકપ્રિય અભિનેતા છે આસિફ શેખ સાહેબ. તેઓ ‘ભાભીજી ઘર પર હૈ!’માં વિભૂતિ નારાયણ મિશ્રાના રોલથી દરેક ઘરમાં જાણીતા છે. વિશ્વ બુક ઓફ રેકોર્ડ્સમાં તેમનું નામ નોંધાયું છે કારણ કે એક જ શોમાં ૩૫૦થી વધુ અલગ અલગ પાત્રો તેઓએ નિભાવ્યા છે. ચાલો તો તેમના રીયલ લાઇફના રીયલ રોલ વિશે થોડું જાણિએ...**




**તમે અભિનયની દુનિયામાં કેવી રીતે આવ્યા? તમારી શરૂઆત કેવી હતી?**

**આસિફ શેખ:** હું મૂળ તો નવી દિલ્હીનો છું. મારો આખો પરિવાર બિઝનેસમાં હતો. પણ મને બાળપણથી જ એક્ટિંગનો શોખ હતો. ખાલસા કોલેજમાં અભ્યાસ કરતી વખતે મને થિયેટરની તક મળી. મંડી હાઉસમાં સ્ટેજ પર પહેલી વાર ઊભો રહ્યો. પછી ૧૯૮૪માં ‘હમ લોગ’માં પ્રિન્સ અજય સિંહનું પાત્ર મળ્યું. ‘હમ લોગ’ તે સમયે ભારતની પહેલી દૈનિક સીરિયલ હતી. ત્યારથી જ ટેલિવિઝન અને ફિલ્મોમાં કામ કરવાનું શરૂ કર્યું. કામ કરતો ગયો અને આજે અહીંયા ઊભો છું.

**તમે ‘ભાભીજી ઘર પર હૈ!’થી ઘણાં જાણીતા થયાં છો. તેમાં તમારો રોલ - વિભૂતિનું પાત્ર તમને કેવી રીતે મળ્યું અને આ પાત્રે તમારી જિંદગી કેવી રીતે બદલી નાખી?**

**આસિફ શેખ:** ૨૦૧૫માં જ્યારે આ શો શરૂ થયો ત્યારે વિભૂતિ નારાયણ મિશ્રા એક સામાન્ય પાત્ર જ હતું. પણ ધીરે ધીરે તે લોકપ્રિય થઇ ગયું. વિભૂતિ એક સપના જોનારો, હસવાવાળો અને થોડો ભોળો માણસ છે. આ પાત્રમાં મને ૩૫૦થી વધુ અલગ અલગ રૂપો બનાવવાની તક મળી. ક્યારેક સ્ત્રી પાત્રો પણ, જેમ કે યુવતીઓથી લઈને વૃદ્ધ મહિલાઓ સુધી. તેમાં મેં એટલાં બધા ગેટ-અપ ચેન્જ કર્યા છે કે ૨૦૨૧માં વિશ્વ બુક ઑફ રેકોર્ડ્સે મને આ માટે સન્માનિત કર્યો હતો. આ શો હજુ પણ ચાલુ છે અને દરેક એપિસોડમાં નવી વાર્તા, નવી મજા આવે છે.

કોમેડી કમાલ

**હમણાંનું જનરેશન તમને ટીવીથી જ જાણે છે, પરંતુ કરિયરની શરૂઆતમાં ઘણી ફિલ્મોમાં કામ કર્યું હતું. તમે છેલ્લાં સલમાન ખાન સાથે કામ કર્યું. તેના અનુભવ વિશે કંઈ કહેશો?**

**આસિફ શેખ:** હા, મેં ‘પ્યાર કિયા તો ડરના ક્યા’, ‘ભારત’ અને ‘કિસી કા ભાઈ કિસી કી જાન’ જેવી ફિલ્મોમાં કામ કર્યું. સલમાન સાહેબ સાથે કામ કરવાનો અનુભવ અદ્ભુત છે. તેઓ ખૂબ સહાયક છે. મુશ્કેલ સમયમાં પણ મદદ કરે છે. ‘કિસી કા ભાઈ કિસી કી જાન’માં સતીશ કૌશિક સાહેબ સાથે છેલ્લા કામની યાદ હજુ તાજી છે. ફિલ્મ અને ટીવી વચ્ચે તફાવત છે, પણ બંનેમાં અભિનય જ મુખ્ય છે.

**તમે સ્ત્રી પાત્રો પણ ઘણા ભજવ્યા છે. તેની તૈયારી કેવી રીતે કરો છો અને તેનાથી શું શીખ્યા?**

**આસિફ શેખ:** આ જ તો એક મોટી ચેલેન્જ છે. મેં ૩૫થી વધુ સ્ત્રી પાત્રો કર્યા છે. તેના માટે વાળ, મેકઅપ, કપડાં અને અવાજની તાલીમ પણ લીધી હતી. પણ તેનાથી મને સમજાયું કે અભિનેતા કોઈ પણ પાત્રમાં ફિટ થઈ શકે તેવો હોવો જોઇએ, ભલે તે કોઇ પુરુષ માટે સ્ત્રીનું પાત્ર કેમ ન હોય. જોકે, દર્શકોને આ ટ્રાન્સફોર્મેશન ખૂબ ગમે છે. તેમને હસાવવું અને એકસાથે વિચારવા મજબૂત કરવું એ જ અભિનયની સફળતા છે.

**તમારો પરિવાર તમારી કારકિર્દીમાં કેવી રીતે સાથ આપે છે?**

**આસિફ શેખ:** મારી પત્ની ઝેબા અને દીકરી મર્યમ નાસ્તાસિયા બંને ફેશન ડિઝાઇનર છે. નાનો દીકરો અલ્યાહ ઈમાન અભ્યાસ પૂરો કરે છે. આખો પરિવાર દિલ્હીમાં રહે છે અને હું મુંબઈમાં કામ કરું છું. બીઝી શેડ્યુલ હોવા છતાં પણ અમે ટાઇમ કાઢીને નિયમિત વાત કરીએ છીએ. તેઓ મને હંમેશા સપોર્ટ કરે છે. આજે હું જે કાંઇ છુ, તેમના માટે અને તેમને કારણે છું.

**અભિનયમાં તમે કઈ મુશ્કેલીઓનો સામનો કર્યો છે અને યુવાન અભિનેતાઓને શું સલાહ આપશો?**

**આસિફ શેખ:** શરૂઆતમાં ઘણી મુશ્કેલીઓ હતી. ટીવીમાં લાંબા કલાકોનું કામ, વારંવાર લાઇન્સ યાદ કરવી. પણ મેં ધીરજ રાખી. આજકાલના યુવાન અભિનેતાઓમાં પેશન્સ ઓછો લાગે છે. અમારા જમાનામાં સિન્સિયર હતા, દરેક શોટ પર ધ્યાન આપતા. તેઓએ પણ સમય આપવો જોઈએ, અનુભવ લેવો જોઈએ. ટીવી અભિનેતાઓ માટે હવે વધુ તકો આવી રહી છે. જેમ કે ‘ધુરંધર’ ફિલ્મમાં ટીવી અભિનેતાઓનું સારું પ્રદર્શન જોઇને લાગે છે કે બેરિયર તૂટી રહ્યા છે.

**તમારી કોઈ હોબી છે? નવરાશનો સમય કેવી રીતે પસાર કરો છો?**

**આસિફ શેખ:** મને વાંચવાનું અને ફિલ્મો જોવાનું ખૂબ ગમે છે. ઘરે બેસીને પુસ્તકો વાંચું છું. તે મને નવા વિચારો આપે છે. એક્સરસાઇઝ પણ કરું છું જેથી હેલ્થ સારી રહે. ક્યારેક પરિવાર સાથે લોન્ગ વિકએન્ડ લઇ ફરવા પણ જઇએ છીએ.

**તમારા નવા પ્રોજેક્ટ્સ વિશે શું કહેશો? હાલમાં શેના પર કામ કરી રહ્યાં છો?**

**આસિફ શેખ:** હાલમાં તો ‘ભાભીજી ઘર પર હૈ!’ પર ટોટલ ફોકસ છે, નવા એપિસોડમાં વધુ મજા છે. કેટલીક ફિલ્મો અને વેબ સિરીઝની વાતો ચાલી રહી છે. મને લાગે છે કે ટીવી અભિનેતાઓ માટે હવે ઓટીટી અને ફિલ્મોમાં વધુ તકો આવશે. હું હંમેશા નવા રોલ કરવા તૈયાર છું. ●

# ઝેન્ડાયા વિશ્વની સૌથી વ્યસ્ત એક્ટ્રેસ છે?

હોલિવૂડ સ્ટાર ઝેન્ડાયા હાલમાં વિશ્વના સૌથી વ્યસ્ત કલાકારોમાંના એક છે. હોલિવૂડ સ્ટાર ઝેન્ડાયાની બેકટુબેક ફિલ્મો જેવી કે ‘ધ ડ્રામા’, ‘ધ ઓડિસી’, ‘સ્પાઈડર-મેન બ્રાન્ડ ન્યૂ હોમ’ અને ‘ડ્યુન પાર્ટ 3 - તેમજ યુફોરિયાની લાસ્ટ સિઝનમાં દેખાવા માટે તૈયાર છે.

ફક્ત 2026 માં, એક્ટ્રેસના ફેમસ શો, યુફોરિયાની નવી સીઝન સાથે, થિયેટરોમાં પાંચ મોટી ફિલ્મો રિલીઝ થવાની છે. આટલું બધું કામ બાકી હોવાથી, એક્ટ્રેસએ કહ્યું છે કે તેણીને આશા છે કે ઑડિયન્સ મારાથી કંટાળીશે તો નહીંને?

સૌપ્રથમ, ઝેન્ડાયા રોબર્ટ પેટિન્સન સાથે ધ ડ્રામામાં જોવા મળશે, ત્યારબાદ ડ્રામા શ્રેણી યુફોરિયાની લાસ્ટ સિઝન આવશે. ત્યારબાદ તે વર્ષના બાકીના ભાગમાં ત્રણ મોટી રિલીઝમાં જોવા મળશેઃ સ્પાઈડર-મેનઃ બ્રાન્ડ ન્યૂ ડે, ડ્યુનઃ પાર્ટ 3 અને ધ ઓડિસી. તે એવેન્જર્સઃ ડૂમ્સડેમાં પણ જોવા મળશે, જેમાં સ્પાઇડર-મેન ફિલ્મોમાંથી તેણીની ભૂમિકા ફરીથી રજૂ કરવામાં આવશે.

હું ફક્ત આશા રાખું છું કે લોકો મારાથી કંટાળી ન જાય અને હું ખરેખર તે દરેકની પ્રશંસા કરું છું જે કોઈપણ ફિલ્મોને સપોર્ટ કરે છે કોઈપણ રીતે મારી કારકિર્દીને ટેકો આપે છે. હું ખૂબ આભારી છું.

ઝેન્ડાયા થોડા સમય માટે ગાયબ થવાની ઈચ્છા રાખે છે. મને આશા છે કે તમે લોકો આ વર્ષે મારાથી કંટાળી ન જતા કારણ કે હું તમને કહીશ કે હું થોડા સમય માટે ગાયબ થઈ રહી છું. ઝેન્ડાયાની આગામી ફિલ્મ, ધ ડ્રામા, 3 એપ્રિલે રિલીઝ થવાની છે અને તેનું નિર્દેશન ક્રિસ્ટોફર બોર્ગલી દ્વારા કરવામાં આવ્યું છે. તે એક સગાઈ થયેલા યુગલની આસપાસ ફરે છે જેઓ એક અણધારી ખુલાસો દ્વારા તેમના લગ્નના અઠવાડિયાને પાટા પરથી ઉતારી દેવામાં આવે છે ત્યારે કસોટીમાં મુકાય છે.

ત્યારબાદ તે ૧૨ એપ્રિલે પ્રીમિયર થનારી ‘યુફોરિયા’ની છેલ્લી સીઝનમાં રુ બેનેટ તરીકેની ભૂમિકા ફરી ભજવશે. સ્પાઇડર-મેનઃ બ્રાન્ડ ન્યૂ ડેમાં તેના વિરોધી બોયફ્રેન્ડ ટોમ હોલેન્ડ એમજે તરીકે જોવા મળશે. માર્વેલ સિનેમેટિક યુનિવર્સ ફિલ્મ નવી સ્પાઇડર-મેન ફ્રેન્ચાઇઝનો ચોથો ભાગ છે અને ૩૧ જુલાઈએ સિનેમાઘરોમાં રિલીઝ થશે. ઝેન્ડાયા અને ટોમ ક્રિસ્ટોફર નોલાનની ‘ધ ઓડિસી’માં ફરી જોડાશે, જે હોમરના મહાકાવ્યનું રૂપાંતર છે. મેટ ડેમન મુખ્ય ભૂમિકામાં છે તે ફિલ્મ પણ જુલાઈમાં રિલીઝ થઈ રહી છે. ●

હોલિવૂડ ગ્લેમર



**ઝેન્ડાયા થોડા સમય માટે ગાયબ થવાની ઇચ્છા રાખે છે. મને આશા છે કે તમે લોકો આ વર્ષે મારાથી કંટાળી ન જતા**

# જોવા જેવી છે વિજય સેતુપથીની ‘કાટ્ટાન’

**દિગ્દર્શક :** એમ. મણિકંદન
**કાસ્ટ :** વિજય સેતુપથી, સુદેવ નાયર, મિલિંદ સોનન
**સ્ટ્રીમિંગ :** JioHotstar
IMDb રેટિંગ : 7/10

સાઉથના જાણીતા સુપરસ્ટાર વિજય સેતુપથીની ફરીથી દર્શકોનું દિલ જીતવા વેબ સિરિઝ ‘કાટ્ટાન’માં જોવા મળવના છે. એમ. મણિકંદનની આ નવી સિરીઝ ‘કાટ્ટાન’ (મૂળ નામઃ મુત્થુ એંગિરા કાટ્ટાન) ખૂબ જ રસપ્રદ અને ધીમી ગતિએ આગળ વધતી વાર્તા છે, જેમાં વિજય સેથુપતિ મુખ્ય ભૂમિકામાં છે. સીરીઝની વાર્તા કંઈક આમ છે કે એક નાનકડા પોલીસ સ્ટેશનને બંધ કરવાની તૈયારી ચાલી રહી છે કારણ કે ત્યાં કોઈ કેસ જ નથી થતો. ત્યાં એક પોલીસવાળાને જંગલની નજીક એક માણસનું કપાયેલું માથું મળે છે. આ માથું વિજય સેથુપતિનું છે અને તેના મોં પર એક અજીબ હાસ્ય છે. આ માથાની તપાસ કરતાં પોલીસને ખબર પડે છે કે આ માણસ મુત્થુ (ઉપનામ કાટ્ટાન) અનેક અલગ અલગ જીવન જીવ્યો હતો. ક્યારેક તે નાચની ટુકડીમાં બોડીગાર્ડ હતો. ક્યારેક ઘડિયાળ સરસામાનનો કારીગર હતો. ક્યારેક હાથીનો માહાવત હતો. ક્યારેક બકરીઓના છાણ ખરીદતો હતો અને ક્યારેક એક ધનાઢ્ય વ્યક્તિના ઓર્ફનેજનું સંચાલન કરતો હતો.




મુત્થુ એક જ વ્યક્તિ હતો, પણ તેના અલગ અલગ જીવન અને વ્યક્તિત્વ એટલા વિરોધાભાસી હતા કે તે એક સમયે શાંત અને સાદો લાગતો, તો બીજા સમયે જંગલી અને ખતરનાક (કાટ્ટાન) લાગતો. તે પૈસાવાળો હતો પણ પૈસાની પરવા કરતો ન હતો. તેને કુટુંબ ન હતું, પણ તે એક વ્યવસાયી (મિલિંદ સોમન) સાથે વફાદાર હતો. પોલીસવાળાઓ (વડિવેલ મુરુગન, મુથુકુમાર અને સિંગમ પુલિ) જેમ જેમ તપાસ આગળ વધારે છે તેમ મુત્થુ વિશે નવી નવી વાતો સામે આવતી જાય છે. આ તપાસ તેમના પોતાના જીવનને પણ અસર કરે છે.

સિરીઝ ધીમી ગતિએ આગળ વધે છે, પણ ખૂબ જ આકર્ષક છે. તે એક માણસના અનેક પાસાઓ અને વિરોધાભાસને સરસ રીતે દર્શાવે છે. અંતમાં કેટલીક હિંસક એક્શન સીન પણ છે, જે મણિકંદનથી અપેક્ષા ન હોય તેવી છે. સીરીઝમાં જોવા જેવું કહીએ તો ચોક્કસ વિજય સેથુપતિનું અદ્ભુત અભિનય ઉપરાંત દરેક પાત્રો ખૂબ જ જીવંત લાગે છે. બેકગ્રાઉન્ડમાં ગામડાનું વાતાવરણ અને અવાજો સરસ છે, જે સાઉથની બખૂબી કારીગરી ગણવી રહી.

વેબ સિરીઝ

સીરીઝની નબળાઈની વાત કરીએ તો કેટલીક સાઇડ વાર્તાઓ (ખાસ કરીને એક પોલીસવાળાના ઘરની) થોડી વધારે લાંબી લાગે છે. પરંતુ ઓવર-ઓલ જોતાં ‘કાટ્ટાન’ ખૂબ જ જોરદાર ઈમ્પેક્ટ પાડી જાય છે. 27 માર્ચના રોજ રીલીઝ થયેલી આ સીરીઝ JioHotstar પર સ્ટ્રીમિંગ થઈ રહી છે. જો તમને ક્રાઈમ થ્રિલર કે મર્ડર મિસ્ટ્રી, વિચારપ્રેરક અને અલગ અલગ પ્રકારની વાર્તાઓ ગમે છે, તો કાટ્ટાન જરૂર જુઓ. ●

# ઇન્ડિયન આઇડલના શો પર જજીસની તંગી

ઇન્ડિયન આઇડલ શો જેટલો ચર્ચામાં નથી એટલાં તેના જજીસ આજકાલ હેડલાઈન્સમાં ચમકી રહ્યાં છે. થોડા દિવસો પહેલાં એક ખબર આવી કે બાદશાહે પંજાબી એક્ટ્રસ સાથે લગ્ન કરી લીધા છે. તેથી તે એપિસોડમાં હાજર નથી રહેતો. આ ઉપરાંત બાદશાહ હરિયાણા કોર્ટમાં એક લીગલ કેસમાં ફસાયેલો છે. વાત એમ બની હતી કે તેના રેપર સોન્ગ ‘તાતીરી’માં તેણે સ્કુલ ગર્લ્સને લઈને વલ્ગર લિરિક્સ તેમજ ઘણાં અશ્લીલ દ્રશ્યો ઉમેર્યાં હતા, જે ટીન-એજ છોકરીઓ અને સ્ત્રીઓને સેક્શ્યુઅલાઇઝ ચીતરે તેવા હતા. આ ગીત યુટ્યુબ પર પોસ્ટ થતાં જ તેનો વિરોધ થવા લાગ્યો અને હરિયાણાનું કલ્ચર બગાડવાના આરોપસર બાદશાહ વિરુદ્ધ FIR નોંધવામાં આવી હતી. હાલ આ કેસ હરિયાણામાં ચાલી રહ્યો છે જેને કારણે બાદશાહને શોમાંથી ટેમ્પરરી હટાવવામાં આવ્યો છે. વધુમાં કેસની હીયરીંગમાં પણ બાદશાહ હાજરી નથી આપી રહ્યો અને તેને જેલની સજા તેમજ પાસપોર્ટ સાઈશ્ડ કરવાની માંગ ઉઠી રહી છે. પરિણામે પરિસ્થિતિ હજી વધુ વણસે તેવી છે.




આ વાત જેમ તેમ થમી હતી ત્યાં હવે બીજા એક જજ વિશાલ દદલાણીને પણ શોમાંથી બહાર કાઢી મુકવાની માંગ થઇ રહી છે. વાત એમ બની હતી કે, મ્યુઝિક કમ્પોઝર અને સિંગર વિશાલ દદલાણી, જેઓ સિંગિંગ રિયાલિટી શો ઈન્ડિયન આઈડલમાં જજ છે તેમનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં તેઓ લંડનમાં પાકિસ્તાની જર્નલિસ્ટ સફીના ખાન સાથે વાત કરતા જોવા મળે છે. આ વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ જ વાયરલ થયો છે. સફીના ખાનને ભારત વિરોધી વિચારો ધરાવતી માનવામાં આવે છે. તેથી દદલાણીની આ વાતચીતને લઈને ઘણા લોકોએ ગુસ્સો વ્યક્ત કર્યો છે. નેટિઝન્સ હવે માંગ કરી રહ્યા છે કે વિશાલ દદલાણીને ઈન્ડિયન આઈડલમાંથી તરત જ હટાવી દેવામાં આવે. કેટલાક યુઝર્સે કમેન્ટ સેક્શનમાં પોતાનો વિરોધ બતાવતાં કમેન્ટ કરી લખ્યું છે કે, “વિશાલને ઈન્ડિયન આઈડલ અને સોની ટીવી માંથી રિમૂવ કરો.”, “તેઓ ભારત વિરોધી છે અને વારંવાર તેમનો આ પ્રકારનો બિહેવિયર જોવા મળે છે.” જ્યારે કેટલાંક યુઝર્સે તો તેમની ટેરરિસ્ટ સાથે સંડોવાયેલાં બતાવી દેશની આબરૂ ઉડાવવા બદલ વિશાલ સામે કાનૂની કાર્યવાહીની પણ માંગ કરી છે. જોકે, વિશાલ તરફથી આ વીડિયો અંગે કોઈ વિગતવાર જવાબ આપવામાં આવ્યો નથી. બીજી બાજુ શ્રેયા ઘોષાલ તેના શેડ્યુલ પરફોર્મન્સના કારણે હાજર નથી રહી શકતાં. અને ‘મીટૂ’ કોન્ટ્રોવર્સીને કારણે અનુ મલિક શો પર આવવા નથી માંગતા. હવે શોના નિર્માતાઓ જ્યાં-ત્યાંથી ફિલ્મ એક્ટરો અને ટીવી એક્ટરોનો સહારો લઇ શો ચલાવી રહ્યાં છે ●

સ્મોલ સ્ક્રીન